તાત્કાલિક

ક્રમાંક:- ગડવ - ૧૪૨૦૦૬ - ૩૨૮૨ - ક.૨
ગુજરાત સરકાર,
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.પ. ૯. ૨૦૦૮.

પ્રતિ,

કુલપતિશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
આણંદ / જુનાગઢ / નવસારી /
સરદારકૃષિનગર- દાંતીવાડા.

વિષય:- NET માંથી મુક્તિ આપવા બાબત...

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે કૃષિ યુનિવર્સિટીઓ તથા કૃષિ યુનિવર્સિટીના વિવિધ કર્મચારી મંડળો તરફથી મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા માટે સીધી ભરતીમાં NET માંથી મુક્તિ આપવા માટેની રજૂઆતો મળેલ હતી. આ સંદર્ભમાં રાજય સરકારે મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાએ "સીધી ભરતી" માટે NET ને ફરજીયાત નહીં બનાવતાં નીચે મુજબની શરતોને અનુસરવાનું નક્કી કરેલ છે.

(૧) ઉમેદવાર મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા માટેની અન્ય નિયત શૈક્ષણિક લાયકાત તથા અન્ય ધોરણો ધરાવતા હોવા જોઈએ.

(૨) નોકરીમાં જોડાયાની તારીખથી ત્રણ વર્ષમાં NET ની લાયકાત ઉમેદવારોએ મેળવવાની રહેશે. કૃષિ યુનિવર્સિટીએ પ્રથમથી જ ભરતી અંગેની જાહેરાતમાં આ બાબતનો અચૂકપણે ઉલ્લેખ કરવાનો રહેશે.

(૩) ઉમેદવાર NET ક્વોલીફાઈડ ના થાય ત્યાં સુધી કોઈ ઈજાફા આપવાના રહેશે નહિ તથા કન્ફરમેશન મળશે નહીં એટલે કે ત્યાં સુધી નિયમિત નિમણૂંક આપવાની રહેશે નહીં.

(૪) NET માં છૂટછાટ અન્વયે પસંદગી પામેલ ઉમેદવાર પાસેથી જરૂરી લેખિત બાહેંધરી યુનિવર્સિટીએ મેળવવાની રહેશે.

આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાની જવાબદારી કુલપતિશ્રીની રહેશે.

આપનો વિશ્વાસુ,

( હરેશ વરુન્દાણી )
ઉપ સચિવ,
કૃષિ અને સહકાર વિભાગ